## વડીલોને વંદન અભિનંદન



પાર્વતીબેન એમ. પરમાર (૧૯૫૦)

### આજે સેક્ટર-૩/ન્યુ ખાતે શિવશક્તિ મંદિરે ભજન સંધ્યા યોજાશે

આજરોજ ૯ કલાકે સેક્ટર-૩/ન્યુ શિવશક્તિ મંદિર ચોકમાં ભજન સંધ્યા - ભગવતીબેન બાબુભાઈ પ્રજાપતિ આયોજિત, જાસપુર ગોપી ભજન મંડળના શ્રીમતિ આનંદીબેન પટેલ તથા શ્રીમતી મમતાબેન સોની તેમના ભજન મંડળના સભ્યો દ્વારા માતૃપિતૃ શ્રાદ્ધ નિમિત્તે ભજનનું આયોજન કરેલ છે.

### સેક્ટર-૫-એ નવરાત્રી મહોત્સવની મીટીંગ

શહેરના સેકટર-૫-એના રહીશોને જણાવવાનું કે નવરાત્રી મહોત્સવ ૨૦૧૩ની મીટીંગનું આયોજન ૨૧મી સપ્ટેમ્બર શનિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે રાખેલ છે તો સેકટર-૫એના તમામ વસાહતીઓએ હાજર રહેવા નવરાત્રી સમિતિના પ્રમુખ જયદીપસિંહ ચાવડા દ્વારા અખબારી યાદીમાં જણાવાયુંછે.

# મહિનામાં ત્રીજી વાર યુનિ. સિન્ડીકેટની મિટિંગ મળી

## ગુજ.યુનિ. હોસ્ટેલના સમાર કામને સિન્ડીકેટની લીલીઝંડી

અમદાવાદ, તા.૨૦

ગુજરાત યુનિવર્સિટીમાં વિવાદાસ્પદ કુલપતિ આદેશપાલના રાજીનામા બાદ દોઢ મહિનામાં આજે ત્રીજી વખત સિન્ડીકેટની બેઠક મળી હતી. આ બેઠકમાં યુનિવર્સિટી તંત્ર દ્વારા ત્રણ કામો સિન્ડીકેટની મંજુરી માટે મુકવામાં આવ્યા હતા. જેને સિન્ડીકેટની મંજુરી મળી જતા હવે ટુંક સમયમાં આ કામો હાથ ધરવા માટે આદેશ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ છેલ્લા દોઢ મહિના જેટલા ટુંકા ગાળામાં આજે ત્રીજી વખત ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટ બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ મુકુલ શાહ દ્વારા ત્રણ મહત્વના મુદ્દા મંજુરી માટે સિન્ડીકેટ સમક્ષ મુકવામાં આવ્યા હતા. જેને સિન્ડીકેટની લીલી ઝંડી મળી ગઈ છે. જેમાં સૌથી મહત્વનો નિર્ણય યુનિવર્સિટીની હોસ્ટેલનું સમારકામ કરાવવા અંગે લેવાયો છે. સિન્ડીકેટની બેઠકમાં સર્વ સંમતિથી યુનિવર્સિટી હોસ્ટેલને સમારકામનો આરંભ કરવા માટેનો પ્રસ્તાવ પાસ થયો હતો. આ ઉપરાંત સ્ટાફ કવાટર્સ, યુનિવર્સિટીના આંતરીક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, લાઈટ સહીતની વ્યવસ્થાનું તાત્કાલીક ધોરણે સમારકામ કરવા માટે મંજુરી આપવામાં આવી છે. અને આ તમામ કામો બે વર્ષમાં પૂર્ણ કરવા માટેનો સમયગાળો નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ ઉપારંત યુનિવર્સિટી તરફથી બહારની યુનિવર્સિટીઓ અથવા રાજ્યોમાં રમવા જતા રમતવિરોના ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી તરફથી બહારના રાજ્યોમાં રમવા જતા વિદ્યાર્થીઓને પહેલા દૈનિક ૨૦૦ રૂપિયાનું ભથ્થુ મળતું હતું. જે હવે રૂપિયા ૫૦૦ મળશે. આ અંગે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ મુકુલ શાહે જણાવ્યું હતું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સારૂ પ્રદર્શન કરવા પ્રોત્સાહન મળી રહે અને તેમને બહારના શહેરોમાં સારી સુવિધાઓ મળી રહે તે માટે યુનિવર્સિટી પ્રયત્ન કરી રહી છે. જેથી વિદ્યાર્થીઓના દૈનિક ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રમતવીરો પાછળ કરવામાં આવતા ખર્ચના બજેટમાં પણ વધારો કરવામાં આવશે. વધુમાં આજની સિન્ડીકેટની બેઠકમાં યુનિવર્સિટીનો તમામ ડેટા વેબસાઈટ ઉપર ઓનલાઈન મુકવાના કારમને પણ લીલી ઝંડી આપી દેવામાં આવી છે. જેથી હવે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના વિદ્યાર્થીઓના રેકર્ડ હવે યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત મહીપતસિંહ ચાવડા અને ભવન કોલેજના આચાર્ય નિર્જા આચાર્યની યુનિવર્સિટી એકેડમી વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે ચાર્જ સંભાળ્યાના દોઢ મહિના જેટલા ટુંકા ગાળામાં મુકુલ શાહે આ ત્રીજી વકત સિન્ડીકેટની બેઠક બોલાવી છે. સામાન્ય રીતે દર નવ મહીને સિન્ડીકેટની બેઠક મળતી હોય છે.

### ગુજરાત વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા જીવનસાથી પરીચય મેળાનું આયોજન કરેલ છે. તો આ મેળામાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓએ જરૂરી પ્રમાણપત્રો આપીને સમાજના પ્રતિનિધિઓ કાન્તાબેન ડોડિયા ૪૪૭, ગાયત્રીનગર, સે. ૨૭, ત્રિભોવનભાઈ બી. મકવાણા ૭૧/૧, સેકટર-૩-એ તથા ચંપાબેન વાઘેલા બ્લોક નં. ૭૯૫/૧, સેક્ટર-૨-સીનો માહિતી ફોર્મ અને ફી સાથે તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૩ સુધીમાં પહોંચવા અનુરોધ કરેલ છે.

### સાબરકાંઠા જિલ્લા ચૌધરી સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લા ચૌધરી સમાજ હિંમતનગરનું ૨૩મું સ્નેહ સંમેલન તાજેતરમાં હિંમતનગરની સી.કે. પટેલ ઉમિયા પરિવારની વાડી ખાતે યોજાયુ ંહતું. જેમાં અરૂણ ચૌધરી અને જશવંત મગોડી ખાસ ઉપસ્થિત રહી અધ્યક્ષ સ્થાન સંભાળ્યું હતું.

આ સંમેલનમાં સમાજના અગ્રણી મણીભાઈ પટેલ, રેવાભાઈ પટેલ, ડૉ. નટુભાઈ પટેલ, વિરમભાઈ પટેલ, કામરાજભાઈ ચૌધરીની ખાસ ઉપસ્થિતમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જ્યારે વયનિવૃત્ત થનાર સર્વે બંધુઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અંતે નવા વર્ષના પ્રમુખ મણીલાલ પટેલ, મંત્રી મનુભાઈ ચૌધરીની સર્વ સંમતિથી વરણી કરવામાં આવી હતી.

### ધનસુરા કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ

ધનસુરા, તા. ૧૯

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કવોરી ઓનર્સ એસોસિએશનના અગ્રણી ધનસુરા તાલુકા કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રણી જયંતિલાલ મનજીભાઈ પટેલના પુત્ર ધવલ પટેલે ભારતમાં માસ્ટર ઓફ પ્રોફેશનલ એન્જિનિયર તંત્રની ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી વધુ અભ્યાસ અર્થે તેને ઓસ્ટ્રેલિયા ખાતે એડમિશન મેળવેલ છે. તેમણે ધનસુરા તાલુકાના સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે.



બનાસ ડેરી દ્વારા કાંકરેજ તાલુકાના ખીમાણા ખાતે પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે વર્તમાન સમયમાં વધતી જીત મોંઘવારીમાં પશુપાલન કરવું પણ અઘરું છે જેથી વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરી પશુદીઠ દૂધ ઉત્પાદક્તા વધારવી, સમતોલ પશુઆહાર અંતર્ગત પશુ આહાર ખર્ચ ઘટાડવો તેમજ પશુ સંવર્ધન સારી રીતે કરી ઓલાદ સુધારણા કરવી પડશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ખેડૂતોને સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)


# મજુરગામ ત્રણ રસ્તા નજીકની દુકાનમાં શખ્સો દ્વારા ફાયરિંગ

## અજાણ્યા શખ્સોના ગોળીબારમાં દુકાન માલિકને સામાન્ય ઇજા થઈ : પોલીસ કાફલો તેમજ લોકોના ટોળા ઉમટ્યા

અમદાવાદ, તા.૨૦

શહેરના અતિગીચ વસ્તીવાળા વિસ્તાર એવા ગાતીમંદિર પાસેના મજુરગામ ત્રણ રસ્તા પાસે આવેલ એક દુકાનમાં બે શખ્સો દ્વારા ફાયરીંગ કરાયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ શખ્સોએ એરગનથી ફાયરીંગ કર્યં હતું. જેમાં દુકાનના માલિકને સામાન્ય ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તેમજ લોકોના ટોળેટોળા ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગીતામંદિર પાસેના મજુરગામ ત્રણ રસ્તા પાસે આવેલ ઈલેક્ટ્રીક સ્વીચ બોર્ડ બનાવતી દુકાન છેલ્લા ૨૨ વર્ષથી મણીનગર વિસ્તારના રહેવાસી નિકુંજભાઈ પરીખ ધરાવે છે. આજે સવારે ૧૦-૦૦ વાગ્યે નિકુંજભાઈ રાબેતા મુજબ પોતાની દુકાને આવ્યા હતા. દુકાનમાં કારીગરો કામ કરી રહ્યા હતા તે દરમિયાન બે અજાણ્યા કાળા મદ્રાળી જેવા હિન્દી ભાષી શખ્સો આવ્યા તેમણે નિકુંજભાઈ સાથે સામાન્ય વાતચીત કરીને એકાએક એરગનથી ફાયરીંગ કર્યુ હતુ જેમાં એક ગોળી દુકાનની બહાર રહેલ કાર પર વાગી હતી. જ્યારે બીજી ગોળી નિકુંજભાઈના માથાના ભાગેથી નીકળી ગઈ. જેમાં તેમને સામાન્ય ઈજા પહોંચી હતી. આ ઘટના અંગેની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ, ક્રાઈમ બ્રાન્ચની ટીમ, એફએસએલની ટીમ તાત્કાલીક અધિકારીને ઘટના સ્થળેથી છરો પણ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ફાયરીંગનો મામલો અંગત અદાવતની આશંકા હોવાનું મનાય રહ્યું છે. એફએસએલની ટીમે ઘટના સ્થળેથી નમૂના લઈને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપ્યા હતા તેમજ સીસીટીવી ફુટેજ મેળવવા માટે પોલીસ અધિકારી તપાસ હાથ ધરી છે.



બનાસકાંઠાના દાંતીવાડાથી ચંડીસર હાઈવે પર આવેલ નીલપુર ગામના પાટીયે ગત મોડી રાત્રે દાંતીવાડા તરફથી એક જ દિશામાં આવતા બે બાઈકો અચાનક જ ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેથી બન્ને બાઈક ચાલકો માર્ગ પર પટકાયા હતા. આથી ત્રણ બાઈક સવારોને શરીરે અને પગે ઈજાઓ થતાં તુરંત જ ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પરિવારજનોને જાણ થતા બનાવ સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. (પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# જેસી આઈ દ્વારા જેસી વિક અંતર્ગત યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

આજનું યુવાધન પશ્ચિમી સંસ્કૃતી તરફ આંધળી દોટ મુકી છે. તેવા સમયે યુવાનોમાં યોગાસન અને પ્રાણાયામ જેવી ભારતની પ્રાચીન કસરતો વિશે સમજણ આપવાના ઉમદા હેતુથી જેસીઆઈ દ્વારા મહુડી હોલ ખાતે જેસી વિક અંતર્ગત 'યોગ દિવસન'નું આયોજન કરાયું હતું.

જેસીઆઈ દ્વારા જેસીવીક અંતર્ગત મહુડી હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના યુવાનોની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી. આ શિબિરમાં યોગ નિષ્ણાત સુરી દ્વારા અલગ-અલગ પ્રાણાયામ અને યોગાસનોની પદ્ધતિસરની માહિતી આપવામાં આવી હતી અને તેનાથી થતા ફાયદા જણાવ્યા હતા.

આ પ્રસંગે જેસીઆઈના ઝોન ડાયરેકટર દેવદત્ત પાઠક, જેસીવિકના પ્રોજેક્ટ ચેરમેન સાત્વિક ત્રિવેદી, અંકીત જૈન, મધુબેન જૈને શિબિરમાં આવેલ યુવાનોનો આભાર માન્યો હતો.



પ્રાંતિજ તાલુકાના પીલુંદ્રા ગામના મોટા વાસના પાંચ જેટલા બાળકો પૂનમનો મેળો અને સાંપડ ખાતે આવે મહાકાળી મંદિરે દર્શન કરવા ગયા હતા. અને દર્શન કરી મેળાનો આનંદ માણતા હતા. દરમિયાન ગૌતમજી જગાજી મકવાણા ઉં.વ. ૧૧ કે જે પીલુંદ્રા પ્રાથમિક શાળામાં ધોરણ-૬માં ભણતો હતો. જેને કુદરતી હાજતે જવાનું થતાં સાબરમતી નદીના પટમાં ગયો હતો. જ્યાં અચાનક પાણીમાં તેનો પગ લપસી જતા પાણીમાં ડુબી ગયો હતો. અને તેથી તેનું કરૂણ મોત નીપજ્યુ હતુ. આ મામલે પોલીસને અને ફાયરબ્રિગેડને જાણ થતા ઘટનાસ્થળે આવી તરવૈયાની મદદથી મૃતકના મૃતદેહને બહાર કઢાયો હતો. આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## શબ્દાવલી - ૫૧૮૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| | ■ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ | | ■ |
| ■ | ■ | ૧૬ | | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | | |
| | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. ખુનરેજી, કાપાકાપી (૫)
૫. પિતા, બાપુજી (૨)
૭. બકાલુ, સબ્જી (૨)
૮. વાસણને હિન્દીમાં... કહેવાય (૩)
૧૧. ના પાડવી (૪)
૧૩. 'તકદીર' આડુઅવળુ થઈ ગયું છે (૪)
૧૫. બેઠો માર, ... માર (૨)
૧૬. નાગણ (૩)
૧૮. લાજ, ઈજ્જત (૩)
૧૯. ... કરવો, તોછડાઈથી બોલાવાયું (૩)
૨૦. ઠંડીથી બચવા લાકડા વગેરે સળગાવીને... કરાય (૩)
૨૨. અંધારૂ (૩)
૨૩. ઉનાળામાં પીળા ફુલના આ વૃક્ષો ખુબ કીલે (૪)

### ઊભી ચાવી

૧. ખોટા-ખોટા કોઈના વખાણ કરવા તે (૪)
૨. ઘ્રાણેન્દ્રીય (૨)
૩. ભગવાન-ઈશ્વર (૨)
૪. ભજન-કથા વગેરે (૩)
૬. હોલો-પારેવડુ (૩)
૯. કામ વગરનું (૩)
૧૦. ઓસરી (૪)
૧૨. જીદ્દ, જક્ક (૨)
૧૪. દિપક-દિવો (૨)
૧૭. એક ખનિજ પ્રવાહી-ધાતુ (૨)
૧૮. કુશળતા, હોંશિયારી (૩)
૧૯. બાણ, તીર (૩)
૨૧. ... ઘુંઘરૂં બાંધ મીરા નાચી રે... (૨)

### શબ્દાવલી ૫૧૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઓરસિયો (૪) તોરણ (૬) લાજમલાજો (૮) ઈનામ (૧૦) યુઝ (૧૨) રામલીલા (૧૪) ગરીમા (૧૭) મસાણ (૧૮) ભારત (૨૦) પેગામ (૨૧) કરજ (૨૨) ચટણી (૨૩) મત

**ઊભી ચાવી :-** (૧) ઓરમાયુ (૨) સિલાઈ (૩) યોજના (૪) તોલા (૫) રજો (૭) મમરો (૯) વિલાયત (૧૧) ઝગમગાટ (૧૩) મહાભારત (૧૫) રીસામણી (૧૬) માણ (૧૯) રજ (૨૦) પેચ (૨૧) કમ

### ગંદકીનો મામલો ગાજ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ ટેન્ડર ભરાઈને આપ્યુંછે તે એજન્સી સારોરેકર્ડનહિ ધરાવતી હોવાથી રિટેન્ડરીંગ કરવાની માંગ કરી હતી.

કોંગીના જ શ્રી પ્રવિણ પટેલે ડી.પી.આર.નો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. તેના ઉત્તરમાં કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે ડી.પી.આર. તૈયાર કરનાર એજન્સીએ તેનો રિપોર્ટ ગઈકાલે મનપાને સોંપ્યો છે. હવે તેની ચકાસણી કરાશે તેમજ જરૂરી પ્રેઝન્ટેશન માટેની બેઠકોથશે અને ત્યારબાદ સરકાર સમક્ષ તે મંજૂરી માટે રજુ કરી દેવાશે.

કોંગીના શ્રીમતિ મીનાબેન વાઘેલાએ રજુઆત કરતાં જણાવ્યુંહતું કે પહેલા સેક્ટરોમાંથી કન્ટેઈનરો ઉપડતા તો કાઉન્સીલરોને જાણ થઈ હતી તે તંત્ર ખોરવાયું છે. શહેરમાં ગંદકીના થર જામી ગયા છે. તેમણે જણાવ્યું કે શહેરના મેયરશ્રી સે. ૧૯માં રહે છે. વી.આઈ.પી. વિસ્તાર કહેવાય તેમના નિવાસ સ્થાન નજીકનું જ કન્ટેઈનર છેલ્લા કેટલાક દિવસથી કચરાથી ભરાઈ જતાં ત્યાં ગંદકી થઈ રહી છે તેવી ફરિયાદ આજે મળી છે જો વીઆઈપી વિસ્તારમાં આ સ્થિતિ હોય તો સામાન્ય માણસનું શું?

મેયરે જણાવ્યું હતું કે તમારે પહેલાં મને જાણ કરી હોત તો આ સ્થિતિ ના આવી હોત. તેમણે જણાવ્યું હતું કે કન્ટેઈનરો નિયમિત રીતે ઉપડી રહ્યા છે અને તેનું મોનીટરીંગ થઈ રહ્યું છે.

કોંગીના જ શ્રી અશ્વિન વ્યાસે રોડ સ્વીપરો ખરીદાયા પછી તે કામ કરતા હોય તેવું લાગતુ નથી. મહાત્મા મંદિર અને સચિવાલય સિવાયના વિસ્તારો શહેરમાં છે તેની સફાઈ પણ કરાવવી જોઈએ.

ભાજપના નેતા શ્રી મનુભાઈ પટેલે સ્વીપર મશીન ધરાવતી ટ્રકમાં અશ્વિનભાઈને બેસાડી આખો દિવસ ફેરવો તેથી ખબર પડે કે કેટલી સફાઈ થાય છે ? જેનો પ્રત્યુત્તર આપતાં કોંગીના દંડક ભાવનાબા વાઘેલાએ જણાવ્યું કે અશ્વિનભાઈ એકલા નહિ અમે બધા બેસવા તૈયાર છીએ લોકોને સફાઈ જોઈએ છે સત્તાના રમકડાંઓ કે પ્યાદા નહિ.

### કંપની સમાચાર

## ગુજરાતના ૫૦,૦૦૦ એસએમઈને ઓનલાઈન કરવાનો ગૂગલનો આશય

ગૂગલ ઈન્ડિયાએ આજે વર્ષ ૨૦૧૪ના અંત સુધીમાં ગુજરાતમાં ૫૦,૦૦૦ નાના મધ્યમ ઉદ્યોગોને ઓનલાઈન કરવાની તેની યોજના જાહેર કરી છે. 'ઈન્ડિયા ગેટ યોર બિઝનેસ ઓનલાઈન' મથાળા હેઠળ ગૂગલના રાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપ આ પહેલ ભારતમાં નાના-મધ્યમ ઉદ્યોગોને મફત વેબસાઈટ અને હોસ્ટિંગ ઓફર કરે છે. આ અભિયાનનો આશય નાના મધ્યમ ઉદ્યોગોને ઈન્ટરનેટ પર આવતાં અટકાવતા અવરોધોને દૂર કરવાનો છે. આ પ્રોજેક્ટની શરૂઆત કરતાં ગૂગલે એક વિશેષ પ્રોજેક્ટની વિગતો પણ જાહેર કરી છે, જેમાં ગૂગલ ઈન્ડિયા અને હોસ્ટગેટર અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પરંપરાગત લોકપ્રિય બજારોમાં ગયા હતા અને ૫૦૦૦ નાના ઉદ્યોગોને વિશ્વ સુધી પહોંચાડવા માટે તેમની મફત વેબસાઈટ તૈયાર કરી હતી.

વેબસાઈટ્સ બનાવવા ઉપરાંત ગૂગલ ઈન્ડિયાએ આ ઉદ્યોગો માટે ગૂગલ મેપ લિસ્ટિંગ્સ અને ગૂગલ + બિઝનેશ પેજીસ પણ બનાવ્યા છે. આ બધા જ ૫,૦૦૦ ઉદ્યોગો તેમની વેબસાઈટ્સના સંચાલન માટે ૨૪x૭ કસ્ટમર સપોર્ટનો પણ ઉપયોગ કરી શકશે અને મફત ઓનલાઈન એડવર્ટાઈઝિંગ ક્રેડિટ પણ મેળવી શકશે, જેનો ઉપયોગ તેમના વેપારને ઓનલાઈન પ્રમોટ કરવા ગૂગલ સર્ચ પર કરી શકાશે. આ પહેલ ગૂગલ ઈન્ડિયાના એસએમબી સેલ્સના હેડ સૂર્યનારાયણ કે. દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, 'ભારતના આર્થિક વિકાસ માટે એસએમઈ મહત્વના ચાલક બળ છે.

### રિસર્વેની કામગીરી માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યા નથી. જેમને બિલો મળ્યા છે તેમને ત્રણ વર્ષના બિલો આપવામાં આવ્યા છે. પાલજમાં ૬૦૦ જેટલી મિલ્કતો છે ત્યારે માંડ ૩૫૦ને બિલો મળ્યા છે.

તેમણે કહ્યું કે વારંવારની રજુઆતો પછી પણ તંત્ર ગ્રામ્ય વિસ્તાર પ્રત્યે આવી અનદેખી કેમ રાખે છે તે સમજાતુ નથી.

શ્રી બિહોલાએ જણાવ્યુ હતુ કે આજે તેમણે ગ્રાઉન્ડ ફ્લોર પર વસુલીની કામગીરી ચાલે છે ત્યાં જઈ તપાસ કરી પણ વિગતો જ ન હતી. અમે સાથે રહી રિસર્વેમાં મદદ કરી હતી પરંતુ તંત્ર પાસે વિગતો ના હોય તો બહુ જ ખરાબ છાપ ઉપસી રહી છે. તેમણે કહ્યુ કે તંત્રથી તો તોબા...તોબા..!!!

કોંગીના શ્રી પ્રવિણ પટેલે ગાંધીનગર શહેરની મિલ્કતો અંગે ગુડા પાસે બધી વિગતો ઉપલબ્ધ હોઈ તે મેળવવી જોઈએ તેમ જણાવ્યું હતું.

ભાજપના શ્રી કાર્તિક પટેલે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના રહીશોને જ નહિ સેક્ટરોમાં પણ ઘણા રહીશોને સમયસર બિલ નથી મળ્યા તેમની પાસેથી વ્યાજ ન વસુલવુ જોઈએ. તેમણે કહ્યુ કે તેઓ રિસર્વેની માંગ એટલા માટે કરી રહ્યા છે કારણ કે ઈમ્પેક્ટ ફીના અમલને પગલે ઘણા બધા અનિયમિત બાંધકામોની હકીકતો બહાર આવી રહી છે ત્યારે આ દિશામાં વિચારવુ જોઈએ જેથી આવક વધે.

જો કે કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે મિલ્કતવેરાની વસુલી હાલ ચાલુ છે અને રિસર્વે માટે હજુ કોઈ સમય થયો નથી પણ આ બાબતે આપણું મન ખુલ્લુ છે યોગ્ય સમયે બધુ જ વિચારણામાં લઈ યોગ્ય નિર્ણય થશે.

### મ્યુઝિયમ બનશે..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર મહાત્મા મંદિરના પ્રોજેકટના આયોજન સંદર્ભે કુલ ત્રણ તબક્કામાં કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે. જયારે ફેઈઝ-૧-એ, ૧-બી તેમજ ફેઈઝ-૨ એની કાર્યયોજના બાદ હવે ફેઈઝ-૨-બીનો પ્રોજેકટ હાથ ધરવામાં આવશે. જે અન્વયે કલકત્તાના હાવરા બ્રિજની પેટર્ન મુજબનો કેબલ સ્ટેડ બ્રિજ બાંધવામાં આવશે. આ બ્રિજની પહોળાઈ અંદાજિત ૮ મીટર જેટલી રહેશે જયારે બ્રિજની બંને બાજુ પવનચક્કી મુકવામાં આવશે. આ ઉપરાંત સોલ્ટ માઉન્ટના વિસ્તારમાં લેન્ડ સ્કેપીંગનું જરુરી કામ હાથ ધરાશે. સોલ્ટ માઉન્ટને અનુલક્ષી ત્રણ માળનું મ્યુઝિયમ બનાવવાનું કામ પણ હાથ ધરવામાં આવશે. જયારે મહાત્મા મંદિરને લઈ અદભુત ટેરેસ ગાર્ડન બનાવવાની કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવી છે. કેબલ સ્ટેડ બ્રિજ ફેઈઝ-એ અને બી સાથે 'ખ' માર્ગ પર થઈ સોલ્ટ માઉન્ટને જોડતો બનાવાશે. મહાત્મા મંદિરને અનુલક્ષી જરુરી પાર્કીંગ શેડ બનાવવાનું કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત જરુરી તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ફેઈઝ-૨-બીના પ્રોજેકટ અન્વયે હજુ એજન્સીની જવાબદારી નક્કી થશે. જયારે તે મુજબ પ્લાનીંગમાં ફેરફાર થવાની શકયતા પણ છે. ત્યારબાદ પ્રોજેકટ સંદર્ભે આખરી આયોજન કરવામાં આવશે. ટૂંકમાં મહાત્મા મંદિરની કાર્યયોજના અન્વયે બાકીની કામગીરી હવે પૂર્ણ કરવામાં આવશે.

### ભૂલી જવાની બિમારી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉંમર વધએ તેમ આપણા શરીરની માંસપેસીઓ તથા કોષઓ નાશ પામવાની શરૂઆત થાય છે. આ સાથે આપણા મગજના કોષઓ પણ નાશ પામે છે. ધીમે ધીમે જ્ઞાનતંતુઓ પણ નાશ પામે છે. જ્ઞાનતંતુઓની કાર્યસક્તિ ઓછી થાય છે. મગજમાં કોષો સંકોચાતા લાગે છે આ કારણે આપમી યાદશક્તિ બુદ્ધિશક્તિ વિચારશક્તિ ઓછી થાય છે.

આ સિવાય મગજમાં લોહી પરિભ્રમણમાં ખામી હોય, મગજમાં ઈન્ફેક્શન થાય, મગજને ઈજા થાય. વિટામીનની ખામી હોય અને થાઈરોઈડ ગ્રંથના સ્રાવ ખામી હોય તો પણ યાદશક્તિમાં ઘટાડો થાય છે.

અલ્ઝાઈમર ડીસઓર્ડર ડીમેન્શીયા એ મગજના કોષાના નાશ પામવાને લીધે થાય છે. અત્યાર સુધી આ રોગ રોકી શકે તેવી દવાઓ શોધાઈ નથી. છેલ્લા દસકામાં મગજના કોષોની નાશ પામવાની ક્રિયાને મંદ પાડી શકાય એવી દવાઓ ચોક્કસ શોધાઈ છે.

### જાહેર નિવિદા નં.૬ સને ૨૦૧૩-૧૪

જળ અને જમી વ્યવસ્થાપન સંસ્થા, વાલ્મી કેમ્પસ, વડોદ રોડ, પોસ્ટ હાડગુડ, આણંદ-૩૮૮૦૦૧, ફોન નં. (૦૨૬૯૨) ૨૬૨૪૫૦ની કચેરીએથી તેના પેટા કચેરી સરદાર પ્રાદેશીક તાલીમ કેન્દ્ર (વાલ્મી) ગાંધીનગર માટે રસ ધરાવતા કેટરર્સ પાસેથી નીચે જણાવેલ કામના સીલબંધ ટેન્ડર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. ભરેલા ટેન્ડરના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર મેળવવાની અરજી સાથે કામને સંલગ્ન તમામ દસ્તાવેજો જેમાં કે રજીસ્ટ્રેશન નંબર, પાન નંબર, ટીન નંબર, ઈ.પી.એફ. નંબર, સર્ટી લેબર લાયસન્સ તેમજ કામના અનુભવનાં પ્રમાણપત્ર રજૂ કરવાથી મળી શકશે.

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી ૩) બાનાની રકમ રૂ.માં | (૧) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ (૨) ભરેલ ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તારીખ (૩) ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|
| ૧. | સરદાર પ્રાદેશિક તાલીમ કેન્દ્ર (વાલ્મી) ગાંધીનગર ખાતે હોસ્ટેલમાં ભોજન બનાવીને પીરસવાની વ્યવસ્થા માટેનું માલ સામાન, મજુરી સાથેનું કામ. | ૧. ૨,૨૧,૦૭૫-૦૦ ૨. ૬૦૦-૦૦ ૩. ૨૨૧૦-૦૦ | ૧. ૨૭/૦૯/૨૦૧૩ ૨. ૦૪/૧૦/૨૦૧૩ ૩. ૦૫/૧૦/૨૦૧૩ |

આ કામોની વિગતવાર નોટીસ અત્રેની સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર કામકાજના સમય દરમિયાન તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. વધુ વિગત માટે કચેરીનો સંપર્ક કરવો.

માહિતી/૧૨૭૫/૧૩-૧૪